હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

સાહેબ, આમ કાયદો રદ્ ન કરો... આ લોકો અમારું લોહી પીવે છે... જુની ભરેલી દંડની રકમની ઉઘરાણી કરે છે...!!

સ્માર્ટસીટીની શરમ કથા : વધતા દબાણ

શહેરને સ્માર્ટસીટી બનાવવાની રાહમાં સરકાર દ્વારા ઘણી યોજનાઓ બહાર પાડી શહેરના નકશામાં સુધારા-વધારા કરવામાં આવ્યા છે. પરંતુ શહેરના ઘણા વિસ્તારોમાં ગંદકી, રખડતા ઢોર, જાહેર રસ્તાઓ, શોપિંગ સેન્ટર, વસાહતો પર હજુ પણ દબાણ રહેલુ છે. આ દબાણોને હટાવવા માટે સરકાર કોઈ પગલા લે અને આ બાબતને લાગુ પડતા સરકારના દરેક ખાતાને સંકલિત કરી મુખ્ય સચિવ અધ્યક્ષપદ હેઠળની સંકલિત સમિતિની રચના કરવાની માંગ ઉઠવા પામી છે.

શહેરના વિવિધ વિસ્તારોને સરકાર દ્વારા નવીનીકરણ હેઠળ મુકાયા છે. પરંતુ તે સિવાય જાહેર જનતાને પડતી મુશ્કેલી તરફ ધ્યાન આપવામાં આવી રહ્યું નથી. શહેરના ઘણા વિસ્તારોમાં રાત્રે લાઈટ જ નથી હોતી અંધારપટ્ટ જણાય છે. આ બાબતે કોઈ પણ ખાતુ સજાગ નથી અને રજૂઆતો કરવા છતા આ બાબતે ધ્યાન આપી રહ્યા નથી. તાજેતરમાં સચિવાલયના શહેરી વિકાસ વિભાગના નાયબ સચિવ દ્વારા શહેરી ખાતાના અધિકારીઓને નગરના અંધારપટ્ટને દૂર કરવા આદેશ આપવામાં આવ્યો તો તેમની બદલી કરી દેવામાં આવી. જાહેરહિતના રક્ષણ માટેના આદેશ આપતાને પણ આવી સજા અપાઈ રહી છે. શહેરીજનો દ્વારા કરાતી ફરિયાદના વળતા જવાબમાં કલેક્ટર કચેરી ગાંધીનગરમાંથી દબાણ હટાવવા પગલા નથી લેતી અને મ્યુ. કોર્પોરેશન સત્તાધીશો દ્વારા અમને સત્તા નથી તેમ જણાવાઈ રહ્યુંછે અને માર્ગ મકાન ખાતાનો જવાબ આવે છે કે મ્યુ. કોર્પોરેશન કરે તેમા અમારે લેવાદેવા નથી.

શહેરના સે. ૧૧ વિજય શોપીંગ સેન્ટરમાં કાચ-ગ્લાસની ફેક્ટરીઓ રાત-દિવસ કામ કરે છે જેના અવાજના લીધે ત્યાના દુકાનદારો અને આવન-જાવન કરતા શહેરીજનો પરેશાન છે. આ ફેક્ટરીનો કાચનો કચરો બહાર રસ્તા પર નખાતો હોવાથી આવતા-જતા તમામ નાગરિકોને નુકશાન કરે છે. સે. ૧૧ તો બિઝનેસ હબ છે પરંતુ દરેક મોલ કોમ્પલેક્ષોના ભોંયરામાં નકામી વસ્તુ રાખી દબાણ કરવામાં આવી રહ્યું છે. માત્ર અહિ જ નહિ ગાંધીનગરના ઘણા શોપિંગ સેન્ટરમાં આવી સ્થિતિ જોવા મળી રહી છે. આ સિવાય ગાંધીનગરના મોલ શોપીંગ સેન્ટર, કોમ્પલેક્ષ અને વસાહતોમાં જાહેર શૌચાલયનો અભાવ છે અને હોય તો સ્વચ્છ જ નથી જેથી દુકાનદારો તથા ત્યાના મુલાકાતીઓને છેવટે રસ્તા પર જવાની ફરજ પડે છે. શહેરના ઘણા કોમ્પલેક્ષના દુકાનદારો કચરો કચરાપેટીમાં નહી પરંતુ સીડીઓમાં, જાહેર પેસેજમાં મુકે છે જેથી આવતા જતા દરેકને તે નડે છે.

નગરના પશુપાલકોને તેમના ગાય, ભેંસ, બકરીનુ દૂધ લેવાની ઈચ્છા છે પરંતુ ચારો ખવડાવવાની વાતમાં પીછેહઠ કરી તેમને રસ્તા પર છોડી મુકે છે. અને દૂધ દોહવાના સમયે પાછા લઈ આવે છે. દિવસે દિવસે શહેરમાં રખડતા ઢોર એ મુખ્ય સમસ્યા બની રહી છે. નગરના જાહેર રસ્તા, જમીન પરના દબાણો પણ ખૂબજ પ્રમાણમાં વધી ગયા છે તથા ઝુંપડાઓનું પ્રમાણ પણ વધી રહ્યું છે.

રાજ્યમાં જાહેર રસ્તા જમીન પરના ઈરાદાપૂર્વકના દબાણો પણ વધી ગયા છે. મોટાભાગના નાગરીકો દ્વારા પોતાની દુકાનો ઓફિસો, લારી-ગલ્લા, મકાનો, બંગલાઓ, શાળા-કોલેજો, દવાખાના જેવી જગ્યાએના બાંધકામો પર વધારાના દબાણ કરવામાં આવ્યા છે. વિજય શોપીંગ સેન્ટરના વિઠ્ઠલભાઈ પટેલ, મહેન્દ્ર પરમાર, આર.વી. ગોલ, સુમન ટાવરના હર્ષભટ્ટ, હોટલ હવેલીના એ. પરમાર તથા ગાંધીનગર અને રાજ્યના નાગરિકો દ્વારા રાજ્યને દબાણ મુક્ત કરવા માંગ ઉઠવા પામી છે.

જિલ્લામાંથી ૧૮૮૬૬ ઉમેદવારો નાયબ મામલતદારની પરીક્ષા આપશે

આગામી ૮ ડિસેમ્બરના રોજ પરીક્ષા લેવાશે : જિલ્લાના ૭૯ સેન્ટર પર ૭૮૭ બ્લોક પર પરીક્ષાની બેઠક વ્યવસ્થા ગોઠવાશે

ગાંધીનગર તા ૪

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા આગામી તા ૪ ડિસેમ્બરના રોજ ડી વાય એસ ઓની પરીક્ષા લેવામાં આવશે. આ પરીક્ષામાં અંદાજિત ૧૮૮૬૬ ઉમેદવારો હાજરી આપશે. જિલ્લામા આ પરીક્ષાને અનુલક્ષી ૭૮૭ બ્લોક પર બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

ગાંધીનગરમાં સરકારી નોકરી મેળવવા માટે સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા વિદ્યાર્થીઓની સંખ્યા વિશેષ છે. જયારે સરકારી નોકરી માટે સેકટરોમાં તાલીમાર્થીઓ માટે વર્ગો પણ વિશેષ રીતે ધમધમી રહ્યા છે. શહેર ઉપરાંત બહારગામથી આવતા વિદ્યાર્થીઓ પણ મોટી સંખ્યામાં સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરી રહ્યા છે.

ઉમેદવારોમાં સ્પર્ધાત્મક પરીક્ષાને અનુલક્ષીને સ્પર્ધાત્મક અભિગમ પણ મજબુત બનતા સરકારી નોકરી મેળવવા માટે રાત દિવસ તૈયારી કરતા ઉમેદવારોની સંખ્યા પણ વિશેષ છે. જેના લીધે શહેરમાં બહારગામથી આવતા વિદ્યાર્થીઓની સંખ્યા પણ વિશેષ જોવા મળી રહી છે. આગામી તા ૮ ડિસેમ્બરના રોજ યોજાનારી ડિ વાય એસ ઓ ની પરીક્ષાને અનુલક્ષીને પણ વિદ્યાર્થીઓ તૈયારીમાં વ્યસ્ત છે.

આગામી તા ૮ ડિસેમ્બરના રોજ જિલ્લામાંથી ૧૮૮૬૬ ઉમેદવારો ડિ વાય એસ ઓ ની પરીક્ષામાં હાજરી આપશે. જયારે આ માટે ૭૯ સેન્ટરો પર ૭૮૭ બ્લોકમાં બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. જયારે આ પરીક્ષાનો સમય ૧૧ થી ૧ કલાકના રહેશે જયારે આ પરીક્ષાના આયોજનને અનુલક્ષીને ૧૪૦૦ થી વધુ સ્ટાફના સભ્યોને જવાબદારી સોંપવામાં આવી છે.

આવતીકાલે સ્થાયી સમિતિની બેઠક, ફુટપાથ બગીચા સહીતના કામોના ટેન્ડરો મંજુર કરાશે

ગાંધીનગર તા ૪

ગાંધીનગર મહાનગર પાલિકાની સ્થાયી સમિતિની બેઠક તા ૬ ડિસેમ્બરના રોજ યોજાશે. જયારે આ બેઠક દરમિયાન ફુટપાથ, પેવર બ્લોક તેમજ સી સી રોડના ટેન્ડરોને મુંજુરી આપવા નિર્ણય લેવાશે. આ ઉપરાંત કોર્પોરેશનને મેન પાવર પુરો પાડતી એજન્સીની મુદત લંબાવવા માટે પણ ભલામણને ધ્યાને લેવા પ્રક્રીયા હાથ ધરાશે.

ગાંધીનગર મહાનગર પાલિકાની સ્થાયી સમિતીની બેઠક આવતીકાલે મળશે. સ્થાયી સમિતીની આ બેઠકમાં વિવિધ કામો મંજુરી અર્થે મુકવામાં આવશે. જેમાં સે-૭ ચૌધરી સ્કુલ પાસે અને ધોળાકુવા એપ્રોચ પાસે ફુટપાથની કામગીરી કરવા માટે ટેન્ડર મંજુરી અર્થે પણ દરખાસ્ત કરાશે. આ ઉપરાંત પાલજ ખાતે બગીચાનુ નિર્માણ કરવા શહેરના પંચદેવ મંદિરમાં પેવર બ્લોક લગાવવા માટેના ટેન્ડરને મંજુરી આપવા આ ઉપરાંત મહાનગરપાલિકાના વિસ્તારમાંથી પકડવામાં આવેલા પશુઓ માટે સુકુ અને લીલુ ઘાસ ખરીદવાની ભલામણને મંજુરી આપવાનો મુદ્દો પણ રજુ કરાશે. આ ઉપરાંત કોર્પોરેશનની આરોગ્ય શાખામાં ભરતી પ્રક્રીયા હાથ ધરવાના મામલે મ્યુનિ કમિશ્નરને સત્તા આપવા કમિશ્નર તરફથી મળેલી ભલામણને મંજુરી આપવા બાબત પણ ઠરાવ કરાશે. જયારે મહાનગરપાલિકામાં મેનપાવરની સેવા પુરી પાડનાર સમવીત બિલ્ડ કેરની મુદત લંબાવવા મામલે પણ નિર્ણય લેવાશે. મહાનગરપાલિકા વિસ્તારના ધોળાકુવા ગામમાં આર સી સી રોડની કામગીરી કરવા માટે પણ ટેન્ડરને મંજુરી આપવા માટે પણ પ્રક્રિયા હાથ ધરાશે.

એ.આર.ટી.ઓ. અધિકારીની કાયમી નિમણુંક ચાર્જના અધિકારીની રાજકોટ બદલી

છેલ્લા ચાર વર્ષથી એ.આર.ટી.ઓ.ની જગ્યા ચાર્જમાં હતી

ગાંધીનગર તા ૪

વાહન વ્યવ્હાર વિભાગ દ્વારા સહાયક વાહન વ્યવહાર અધિકારી વર્ગ -૨ બદલી તેમજ ચાર્જની સોંપણી માટે આદેશ કરાયો છે. જે અન્વયે ગાંધીનગરમાં છેલ્લા ચાર વર્ષથી એ આર ટી ઓ અધિકારી તરીકે ફરજ બજાવતા ડી એમ પટેલને રાજકોટ આર ટી ઓ અધિકારી તરીકે બદલી કરી મુકવામાં આવ્યા છે. જયારે ભુજના આર ટી ઓ અધિકારી એમ આર ગજ્જરને ગાંધીનગર એ આર ટી ઓ તરીકે મુકવામાં આવ્યા છે.

ગાંધીનગર એ આર ટી ઓ અધિકારીની જગ્યા છેલ્લા ચાર વર્ષથી ચાર્જમાં હતી આખરે આર ટી ઓ અધિકારીઓની બદલીઓના આદેશના અંતે ગાંધીનગર આર ટી ઓ કચેરીમાં નવા અધિકારીને નિમણુંક આપી દેવામાં આવી છે. ગાંધીનગર આર ટી ઓ અધિકારી તરીકે એમ આર ગજ્જરની નિમણુંક કરવામાં આવી છે. ગાંધીનગર એ આર ટી ઓ અધિકારીના અત્યાર સુધી ચાર્જમાં ફરજ બજાવતા ડી એમ પટેલને રાજકોટ આર ટી ઓ અધિકારી તરીકે નિમણુંક આપવામાં આવી છે. જયારે ભુજ આર ટી ઓ માં હાલ આર ટી ઓ તરીકે ફરજ બજાવતા એમ આર ગજ્જરને એ આર ટી ઓ તરીકે ચાર્જ સોંપવામાં આવ્યો છે. ગાંધીનગર એ આર ટી ઓ અધિકારીની જગ્યા છેલ્લા ચાર વર્ષથી ચાર્જમાં ચાલતી હતી. જયારે છેલ્લા ઘણાં સમયથી આર ટી ઓ કચેરીમાં સર્વર ડાઉન થવા સહીત અન્ય ટેકનિકલ ખામીઓના લીધે અનેકવાર અરજદારોએ ધક્કે ચઢવાનો વારો આવતો હોવાની ફરિયાદો પણ પ્રબળ બની છે. ત્યારે આર ટી ઓ કચેરીનો વહીવટ વધુ અસરકારક બને તેમજ સ્થાનિક અરજદારોના કામોનુ ઝડપથી નિરાકરણ આવે તેવી વ્યવસ્થા ગોઠવાય તે માટે પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે.

સે- ૬ થી ૮ માં આંતરિક માર્ગોની સુધારણાનુ કામ એક વર્ષના અંતે પણ અધ્ધરતાલ

માર્ગ સુધારણા માટે અંદાજિત રૂ ૪ કરોડનો ખર્ચ મંજુર કરાયો છે : સરકારી પ્લાન્ટમાંથી કામ હાથ ધરવાનુ આયોજન છતા કામગીરી અટવાતા સ્થાનિકોમાં રોષ

ગાંધીનગર તા ૪

શહેરના સે-૬ થી ૮ માં આંતરિક માર્ગોનુ કામ છેલ્લા એક વર્ષથી મંજુર કરવામાં આવ્યુ છે.

આમછતા હજુ સુધી માર્ગ સુધારણાને અનુલક્ષીને સ્થળ પર કામ હાથ ધરાયુ નથી. આ કામગીરી માટે અંદાજિત રૂ ૪ કરોડનો ખર્ચ મંજુર કરાયો છે. જયારે સરકારી પ્લાન્ટના આધારે આ કામ હાથ ધરવાનો નિર્ણય લેવાયો છે. આમછતા માર્ગ સુધારણાની કામગીરી અધ્ધરતાલ છે.

શહેરના સે - ૬ થી ૮ માં આંતરિક માર્ગોનુ કામ હજુ સુધી હાથ ધરાયુ નથી. સેકટરના રીંગ રોડનુ કામ પુર્ણ કરાયા બાદ આંતરિક રસ્તાઓનુ રીસરફેસીંગ કરવા માટે પણ આયોજન કરાયુ હતુ. જયારે આ કામગીરી માટે ગત માર્ચ મહીનામાં અંદાજિત રૂ ૪ કરોડના ખર્ચને મંજુરી આપી દેવામાં આવી હતી. આમછતા હજુ સુધી આ કામ હાથ ધરાયુ નથી. વરસાદી દિવસોના અંતે માર્ગ સુધારણાનુ કામ હાથ ધરવા માટે તંત્રએ આયોજન કર્યુ હતુ. પરંતુ ચોમાસાના બે મહીનાના અંતે પણ નગરમાં રસ્તાઓનુ કામ શરૂ કરાયુ નથી. ગત વાઈબ્રન્ટ સમિટ દરમિયાન માર્ગ સુધારણાની કામગીરી ઉપરાંત બ્યુટીફિકેશનના કામો હાથ ધરાયા હતા. જયારે છેલ્લા ઘણાં સમયથી શહેરમાં માર્ગોની દશા સુધારવા માટે કોઈ

● અનુસંધાન પાના - ૭ પર

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

શ્રી નરેન્દ્ર મોદી
પ્રધાનમંત્રી, ભારત

શ્રી વિજય રૂપાણી
મુખ્યમંત્રી, ગુજરાત

નવા MSME
ઉદ્યોગ સાહસિકો
માટે સરકારનો
ઐતિહાસિક નિર્ણય

૩ વર્ષ માટે કોઈ પણ પ્રકારની
પરવાનગીઓ મેળવવામાંથી મુક્તિ

માત્ર ઑનલાઇન રજીસ્ટ્રેશન કરો

- ૩ વર્ષ સુધી રાજ્યમાં કોઈ પણ પ્રકારની બાંધકામ પરવાનગી તેમજ લાઈસન્સ વિના નવું MSME ઔદ્યોગિક સાહસ શરૂ કરો
- અધિકારીઓ દ્વારા નિરીક્ષણ તેમજ ચકાસણીમાંથી મુક્તિ
- ઈન્વેસ્ટર ફેસિલિટેશન પોર્ટલ www.ifp.gujarat.gov.in ઉપર ઔદ્યોગિક સાહસ શરૂ કરવાના ઈરાદાનો એકરાર રજુ કરવાનો રહેશે
- રાજ્ય સરકારની નોડલ એજન્સી દ્વારા ઑનલાઇન તાત્કાલિક સ્વીકૃતિ પ્રમાણપત્ર ઉપલબ્ધ
- ૩ વર્ષ પછી જરૂરી પરવાનગી મેળવવા માટે વધુ ૬ માસનો સમયગાળો

વધુ માહિતી માટે મુલાકાત લો www.ifp.gujarat.gov.in

"નવા MSME સાહસિકોને સરકારની પ્રેરણારૂપ પહેલથી રોજગારીની નવી તકો મળશે"

શ્રી નીતિન પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત